# બં. અ. કૃષિમહાવિદ્યાલયના “અમૃત મહોત્સવ” ની ઊજવણીનો ઉધ્ઘાટન સમારોહ યોજાયો

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની બં. અ. કૃષિમહાવિદ્યાલય ૧૧મી ઓગષ્ટ, ૨૦૨૧ ના રોજ શિક્ષણ કાર્યના ૭૪ વર્ષ પુરા કરી ૭૫માં વર્ષ પ્રવેશી રહી છે, ત્યારે કોલેજના ઓડીટોરીયમ ખાતે આણંદ કૃષિ યુનિવર્સિટીના માન કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાના પ્રમુખ સ્થાને અમૃત મહોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગાંધીનગરના માન કુલપતિશ્રી પ્રા.(ડૉ.) બિમલ પટેલ, ખાસ મહેમાનશ્રી અમિતભાઇ શેઠ તથા અતિથી વિશેષ તરીકે ભૂતપૂર્વ કુલપતિશ્રી ડૉ. એ. એમ. શેખ અને ભૂતપૂર્વ આચાર્ય અને ડીનશ્રી ડૉ. એન. એમ. પટેલ તથા ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરીશ્રી ડો આર.જી પરમારની ઉપસ્થિતીમાં દિપપ્રાગટ્ય અને અમૃત મહોત્સવના લોગોનું અનાવરણ કરવામાં આવ્યુ હતું.

સૌ પ્રથમ પ્રાર્થના નૃત્ય ગજવંદના-સંકટ હરનાર પ્રભુને અર્ચના ગીત તથા યુનિવર્સિટી ગીત દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આચાર્ય અને ડીનશ્રી ડૉ. વાય. એમ. શુક્લે સ્વાગત પ્રવચનમાં સંસ્થાનો ઇતિહાસ અને તેની વિકાસગાથા વર્ણવતા સર્વે મહાનુભાવો તથા કોવિડ-૧૯ ના પ્રોટોકોલ મુજબ ઓનલાઇન હાજર રહેલ વિદેશના વિદ્યાર્થીઓનું અભિવાદન કર્યુ હતું.

અતિથીવિશેષ ડો. એન. એમ. પટેલે પોતાના વક્તવ્યમાં જણાવ્યુ કે કોલેજે ઘણી બધી મુશ્કેલીઓ પાર કરીને હંમેશા અગ્રેસર રહી છે એવુ આંકડાકીય માહિતી દ્વારા જણાવ્યુ કે હાલમાં કોર્પોરેટ સેક્ટરની જેમ તેનો પ્રભાવ ઊભરી રહ્યો છે ત્યારે આગામી વર્ષોમાં રાષ્ટ્રમાંએકવધુ પ્રભિતાશાળી ઇન્સ્ટીટ્યુટ તરીકે દેશના વિકાસમાં ફાળો આપે એવી શુભેચ્છા પાઠવી હતી.

ભૂતપૂર્વ કુલપતિશ્રી ડૉ. એ. એમ. શેખ, અતિથીવિશેષ તરીકે જણાવ્યું કે સંસ્થા/કોલેજે તેના નક્કી કરેલા ધ્યેયોને હાંસલ કરવામાં હંમેશા સફળ રહેલ છે. અનેક યુવાનોને શક્તિશાળી બનાવી દેશની પ્રગતિમાં સિંહફાળો આપવામાં કચાશ રાખી નથી. કોલેજ એક પ્રેરણાસ્ત્રોત બની છે અને દરેક ક્ષેત્રોમાં તેનુ આગવુ પ્રદાન રહ્યુ છે તેનો સંતોષ છે.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના માન કુલપતિશ્રી અને સમારંભના મુખ્ય મહેમાન પ્રા(ડૉ) બિમલ પટેલે પોતાની આગવી શૈલીમાં પોતે આ મહાવિધ્યાલયના સ્નાતક હોવાનો ગર્વ છે તેમ જણાવ્યુ હતું. પોતાના

વક્તવ્યમાં જણાવ્યુ કે આવનાર સમયમાં કૃષિએ દેશની સુરક્ષામાં મહત્વનું અંગ બનવું પડશે. ફુડસિક્યોરરીટી દ્વારા રાષ્ટ્રની શક્તિ અને રક્ષણનું કામ એ કૃષિ સ્નાતકોની મુખ્ય ફરજ છે. દેશના પ્રધાનમંત્રી કે રક્ષા મંત્રીએ એક્ષપટાઇઝના સુચનો ઉપર જ કામ કરવાનું છે. સમય બહુ જ થોડો છે અને દુનિયા બહુ જ ઝડપી છે અટલે એટલી જ ત્વરાથી કાર્યકરવાનું છે. દેશના સંરક્ષણ અને માનવતાના મુલ્યોને ઉજાગર કરવાની હવે પછીની ઘડી છે. આપણે ફક્ત દેશમાં જ નહી પણ દુનિયામાં અગ્રેસર થવા માટે એક એક વૈજ્ઞાનિકોએ અને કર્મચારીઓએ નિષ્ઠા અને કામગરા થઇ આવનાર સમય માટે તૈયાર થવાની હાકલ કરતા અમૃત મહોત્સવ પ્રસંગ શુભેચ્છાઓ પાઠવી હતી. વધુમાં તેમણે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની બેઠકનું આયોજન આ  યુનિવર્સિટી ખાતે થાય તેવી ઇચ્છા વ્યક્ત કરતા પોતે તે માટે તમામ મદદ કરવા તૈયાર છે તેમ જણાવ્યુ હતું.

આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયા સાહેબે પ્રમુખ સ્થાનેથી સર્વને આવકારી કોલેજના સુવર્ણ ઇતિહાસને ધ્યાને રાખી નવી પરિસ્થિતી, નવી બાબતો, નવી શિક્ષણનીતિ વગેરે બાબતો સાથે તાલ મિલાવી ઝડપી ગતિએ આપણે નવા આયામ અને નવા વિકાસના પંથે પ્રશ્નોનું નિરાકરણ લાવી આગળ વધવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

અમૃત મહોત્સવ પ્રસંગે ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી કૃષિમંત્રીશ્રી આર.સી. ફળદુ તથા શ્રી મનિષ ભારદ્વાજ, મુખ્યસચિવશ્રી ગુજરાત રાજયના ખાસ શુભેચ્છા સંદેશનું વાંચન કરવામાં આવ્યું હતું. વળી આધ્યાત્મિક ધર્મગુરૂઓ મા.શ્રી પૂજય મહંતસ્વામી મહારાજ અને પૂજય સચ્ચિદાનંદ સ્વામીના આશિર્વચનોનું પણ પઠન કરવામાં આવ્યું હતું.

અમૃત મહોત્સવનો લોગો હરિફાઇથી તૈયાર થયેલ લોગો વિજેતા વિદ્યાર્થીનું સન્માન અને ઇનામ વિતરણ કરવામાં આવ્યું. બીએસીએ એલ્મની એસોસીએશન દ્વારા એવોર્ડ અને ઇનામ વિતરણ કરવામાં આવ્યા હતા. હાજર રહેલા સર્વે મહાનુંભાવોનું શાલ અને મેમેન્ટો અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

સમર્ગ કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. નિખિલ જોષી, શ્રીમતી રૂચા દવે અને ડૉ. મિરલ સુથારે કર્યુ હતું. જ્યારે આભારવિધિ અમૃત મહોત્સવના ઓર્ગેનાઇઝર સેક્રેટરી ડૉ. આર. જી. પરમારે કરી હતી. અંતમાં રાષ્ટ્રગાન દ્વારા ઉદ્દઘાટન સમારોહ સંપન્ન કરવામાં આવ્યો.


B. A. COLLEGE OF AGRICULTURE
AAU
B. A. College of Agriculture
Platinum Jubilee Celebration
Estd. 1947
Anand Agricultural University, Anand
August 11, 2021


75th
PLATINUM JUBILEE




B. A. COLLEGE OF AGRICULTURE
B. A. College of Agriculture
Platinum Jubilee Celebration
Estd. 1947


B. A. COLLEGE OF AGRICULTURE
B. A. College of Agriculture


Platinum Jubilee Celebration



B. A. College of Agriculture
Platinum Jubilee Celebration
Estd. 1947
August 11, 2021




B. A. COLLEGE OF AGRICULTURE
B. A. College of Agriculture
Platinum Jubilee Celebration
Estd. 1947
Anand Agricultural University, Anand
August 11, 2021


AAU
Plat


R. C. Faldu
MESSAGE
AAU
Dr. Y. M. Shukla
Dr. A. M. Shekh
Dr. K. B. Kathiria


AAU


AAU




B. A. College of Agriculture
Platinum Jubilee Celebration
Anand Agricultural University, Anand
August 11, 2021
Venue : Auditorium, BACA, AAU, Anand


B. A. College of Agriculture
Platinum Jubilee Celebration


Platinum
Venue : Auditorium,


Historical events of
Institute of Agriculture


Historical events of
Institute of Agriculture